**ફોજદારી કેસ નં.  ૩૨૪૭/૨૦૨૨**

-:: આંક- ૧ નીચે હુકમ ::-

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનું રેકર્ડ વંચાણ લીધુ. આ કામ લોક અદાલતના સમન્સ / નોટીસ / પક્ષકારોને કાઢતા ફરીયાદી / ભોગ બનનાર અત્રેની કોર્ટ સમક્ષ હાજર છે. પરંતુ આરોપી હાજર થયેલ નથી. ફરીયાદી / ભોગબનનાર હાલની પુરસીસ થી જાહેર કરેલ છે કે, તેઓ આરોપી વિરૂધ્ધનો ગુનો કમ્પાઉન્ડ (દરગુજર) કરે છે. અને તેમને સદર કેસ આગળ ચલાવવો નથી. સદર આંક-૫ વાળી પુરસીસ તેઓને વાંચી, સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ-મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત હકીકત આ કોર્ટે નિર્ણય કરવાનો છે કે , આરોપીને કેસનો સમન્સ બજયો ન હોય તેમજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો ન હોય અને રજુ થયેલ પુરસીસમાં તેની સહી ન હોય તો પણ કોર્ટ આરોપી વિરૂધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમાં કમ્પાઉન્ડ કરી શકે કે કેમ? આ કોર્ટના ધ્યાન ઉપર નીચે મુજબની ઓથોરીટીઓ આવેલ છે.

૧. વાય.બી.બૈજુ વિ.સ્ટેટ ઓફ કેરેલા ૨૦૦૮ ક્રિ.લો.જ.-૯૨૮.
૨. યુસુદાસ અને બીજા વિ. સબ-ઈન્સ્પેકટર ઓફ પોલીસ, કલ્લાસમેસરી અને બીજા, ક્રિ.લો.જ.-૧૨૯૦

(૩) સદર ઓથોરીટીમાં નામ.કેરેલા હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધંતો પ્રસ્થાપીત કરેલ છે.

(એ) ક્રિ.પ્રો.કો.કલમ-૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય ક્રિયા છે અને તે દવીપક્ષીય ક્રિયા નથી.

(બી) ક્રિ.પ્રો.કો.કલમ-૩૨૦(૧) તથા ૩૨૦ (૨) મુજબ કોમ્પોઝીશનના નામે અરજી સદર કલમના કોઠટાની કોલમ નં.૩ માં વર્ણવેલ ભોગ બનનાર વ્યકિતમાં તેની સહીથી થઈ શકે.

(સી) કોમ્પોઝીશનની અરજી ફરીયાદી / ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે કોર્ટ ફરજ પાડી શકે નહીં.

(ડી) ક્રિ. પ્રો. કોડ કલમ-૩૨૦ મુજબની કોમ્પોઝીશનની જોગવાઈ ધ્યાને લેતા કોર્ટ આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

(ઈ) ક્રિ. પ્રો. કોડ કલમ-૩૨૦ હેઠળ ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા કોર્ટે

ગુન્હાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ ઉપરોકત ઓથોરીટીમાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લીધ. સદર સિધ્ધાંત મુજબ ક્રિ.પ્રો.કોડ કલમ–૩૨૦ મુજબ ગુનો કમ્પાઉન્ડ (દરગુજર–માફ) કરવા માટે માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની આ કોર્ટ સમક્ષ હાજરી ફરજીયાત નથી. તેથી હાલની પુરસીસ સ્વિકારવાને પાત્ર છે. તેમજ ફરીયાદની હકીકતને ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામાં આવેતો અન્ય કોઈ વ્યકિતના કોઈ હીતને નુકશાન થતુ હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદજ સમાધાન ગ્રાહય રહેશે તે રીતે ફરજ પાડવામાં આવેતો કેસના પરિણામમાં કોઈ ફેર પડતો હોય તેમ જણાતું નથી. અને ફરીયાદી / ભોગબનનારે સ્વૈચ્છિક રીતે હાલની કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ છે. તેથી આરોપી હાજર નથી તે કારણસર તે નામંજુર કરવાથી અર્થહીન કાર્યવાહી થશે અને આવી કાર્યવાહી કર ભરતા લોકોના નાણાં વેડફવા બરાબર થશે માટે ઉપરોકત તમામ પાસા ધ્યાને લઈ હાલની પુરસીસ રેકર્ડ કરવામાં આવે છે. અને ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. આરોપી મુકેશભાઈ ભોપાભાઈ વાઘેલા, રહે. ગઢડા, ઉગામેડી રોડ, તા. ગઢડા , જી.બોટાદવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૦(૧) (૨) (૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ.પી.કોડ કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હાના તહોમત માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર કામે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ કરવામા આવે છે અન્યથા મુળ માલિકીની ખરાઈ કરી પરત સોપવો. અન્ય મુદામાલનો નાશ કરવો.

૩. આરોપીના જામીન ખત અપીલ સમય વિત્યે રદ ગણવા.

હુકમ આજ તા.–૧૩ મી, માહે– મે, સને–૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૧૩/૦૫/૨૦૨૩

સ્થળઃ–ગઢડા

(અરૂણ જે. વાસુ)
એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગઢડા
**કોડ નં. જી.જે.૦૧૩૯૭**